સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ડગલે ને પગલે હમેશાં રાવ ખાય છે,
નાની નાની ગરજે હંમેશા ભાવ ખાય છે,
નાવ દાંપત્યની સદા ડૂબે એના સ્વભાવે -
શાંત રમતમાં ય લે પેય દાવ થાય છે...
(નારી સ્વભાવ)

હાઈકુ

અધૂરે ઘડો,
છલકે સમાનતા -
થાય પતન...

ત્યાગમૂર્તિ જ
પૂજાય છે સર્વત્ર
રમે ત્યાં દેવો...

ચિંતન

નાસ્તિકાર્ય ધૂતપ્રવર્તસ્ય ।

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જુગારીઓ કર્તવ્યહીન હોય છે.

જુગારી વ્યક્તિને ધૂત રમવા સિવાય અન્ય કોઈ કાર્ય હોતું નથી કારણ કે એનું મન જુગારની હારજીતમાં જ સતત રમતું હોવાથી તે પોતાનાં અન્ય કર્તવ્યો ને વીસરી જાય છે. આથી, જુગારી રાજા, જુગારી મંત્રીઓ અને જુગારી શાસનાધિકારીઓ રાષ્ટ્રનો વિનાશ નોંતરે છે.

વિના પરિશ્રમે, બેઠે બેઠે એકના બમણા કરવાની વૃત્તિ જુગાર છે એમાં કમાવા કરતાં ગુમાવવાનું વિશેષ હોય છે. જુગારના વ્યસનીને કર્તવ્ય - ફરજ સ્પર્શતાં નથી.

સુવિચાર

- ઈર્ષાનું ઉર્ધ્વીકરણ થાય ત્યારે એ સ્પર્ધા બને છે - **ઈમર્સન**
- અતિથિને જમાડ્યા પછી જ જે જમે છે તેને ખેતરમાં બાજરો વાવવો પડતો નથી; એનું આતિથ્ય પોતે બાજરો થઈને ઊગે છે - **સંત તિરુવલ્લુવર**
- જલાકર ખુદનુમાઈ કો ભસમ તન પર લગાતા જા - **મન્સુર (ખુદનુમાઈ : ઘમંડ, અહંકાર)**
- જેને પોતાનામાં વિશ્વાસ છે તે જ બીજાઓનો વિશ્વસનીય બની શકે છે - **વિલ ડૂરાં**
- અંતઃકરણ એ સ્વર્ગીય આતશનો નાનો તણખો છે - **અખંડ આનંદ**
- આદર્શવાદ એટલે રાજકારણીઓ એ સત્તાના અભરખા પર ઓઢાણી રાખેલો ફાંકડો ઝભ્ભો - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : પાકા કેળા, આમળાનો રસને સાકર મિક્ષ કરી પીવાથી સ્ત્રીઓના પ્રદર અને બહુમૂત્ર રોગ મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

એકવાર ચાળણી અને સોય એકબીજા સાથે વાત કરતા હતા. ચાળણીએ સોયેને કહ્યું, 'તું છે તો બહુ રૂપાળી, પણ તારામાં એક ટાણું છે તે બરાબર નથી.' સોયે કહ્યું, 'બહેન, તે કાણું ભલે રહ્યું, તે એક છિદ્રની મદદથી હું બીજા લોકોનાં છિદ્રો બંધ કરવાનું કામ કરું છું, પણ તું મારા શરીર સામે તો જો! તને આટલાં બધાં છિદ્રો હોવાનું ગૌરવ છે. અરે ! સાર તો બધો તેમાંથી નીકળી જાય છે અને કચરો કે ગંદકી બધી તારામાં રહી જાય છે.'

આપણે ક્યારેક પણ પળભર માટે એકાંતમાં પોતાની સાથે રહેવાનો પ્રયત્ન કરી તો આપણને જગતનાં દોષ નહીં દેખાય અને આપણા સાચા સ્વરુપનું દર્શન થશે.

છિદ્રો તો બધામાં હોય છે પણ સમાજને ઉપયોગી થનારનું છિદ્ર હકારાત્મક બને છે.

મેઘરાજાની મહેર : શુકનવંતા સંકેત

તંત્રીસ્થાનેથી...

એક તરફ વૈજ્ઞાનિકો ભયંકર ગ્લોબલ વોર્મિંગના મુદ્દે પૃથ્વી પર ઝઝૂમી રહેલા પ્રલયની બીક બતાવવા ફરે છે ત્યારે બીજી તરફ જેસ માસના પહેલા પખવાડિયામાં જ મેઘરાજાએ ગુજરાત આખાને તરબોળ કરી દઈ શુકનવંતા સંકેત આપી દીધા છે. કાળઝાળ ગરમીથી શેકાતા જીવોને આ કહેવીતી 'પ્રિ-મોન્સૂન' પ્રક્રિયાથી ઘણી રાહત મળી છે, એમા શંકાને સ્થાન ખરું? ગુજરાતમાં ચોમાસું બેસવાની શરુઆત ૧૫ જૂનથી થતી હોય છે. આ વખતે સુદૂર દક્ષિણમાં કેરળમાં પણ ચોમાસું થોડું 'બિફોર ટાઈમ' પહોંચી ગયું હતું, જેની અસર દેશના અન્ય વિસ્તારો પર પણ પડવાની જ. સૌરાષ્ટ્રમાં તો કેટલાક વિસ્તારો જળ બંબાકાર થઈ ગયા છે અને દક્ષિણ ગુજરાતમાં પણ મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. ખેડૂતો દેશભરમાં ટેકાના ભાવોથી લઈ દેવાંમાફીના પ્રશ્નો લઈ જુદ્ધે ચડ્યા છે ત્યારે ગુજરાતમાં મેઘરાજાનું સમયસરનું આગમન પ્રજા અને સરકાર-ઉભય માટે મસમોટું આશ્વાસન જ ગણાશે. શાસ્ત્રકાર કહે છે : રાજા કાલસ્ય કારણમ્. જો આ વિધાન સાચું હોય તો અમરસિંહ ચૌધરીની સરકારનાં સળંગ ત્રણ વર્ષો દુષ્કાળયુક્ત હતાં જયારે કેશુભાઈ પટેલથી લઈ વિજયભઆઈ રૂપાણી સુધીના મુખ્યમંત્રીઓના શાસનકાળમાં કવચિત જ અછત નોંધાઈ હશે, પરંતુ દુકાળનાં ડાકલાં વાગ્યાં નથી, એ હકીકત છે ! એ જુદી વાત છે કે અમરસિંહ ચૌધરીએ દુષ્કાળનાં એ ત્રણ વર્ષો કુશળ વહીવટપૂર્વક પસાર કરવી દઈ પ્રજાને કોઈ ખાસ તકલીફ નહોતી પડવા દીધા. ભારતીય જનતા પાર્ટી જયારથી શાસનમાં આવી છે ત્યારથી કુદરત અનુકૂળ રહી છે. આમ જુઓ તો આવાં તારણોને કોઈ વૈજ્ઞાનિક આધાર નથી, પરંતુ પ્રજા વિજ્ઞાનની પળોજણમાં પડ્યા કરતાં શ્રદ્ધાની નજરે જોવા ટેવાયેલી છે. વરસાદ આવી જવાથી એકીસાથે રાજા કહેવાતા શાસનતંત્ર અને પ્રજા ઉપરાંત સમસ્ત જીવસૃષ્ટિને હાશકારો અનુભવાય છે. સમયસર વરસાદ ન વરસે તો અનેક પ્રકારની આફતો અને ઉત્પાનોની સંભાવના રહે છે. લોકોનાં મન ઊંચા રહે છે, જીવ ઉચાટમાં રહે છે અને ચોરી, લૂંટફાટ વગેરે પ્રવૃત્તિઓ પૂરબહાર ખીલે છે. બહુ જ અગત્યની બાબત એ છે કે કાળા માથાના માનવીએ આખું અંતરિક્ષ સર કરી દીધું હોવા છતાં એને વરસાદ વરસાવતાં નથી આવડ્યો. કૃત્રિમ વરસાદના પ્રયોગો થતા રહે છે પણ એ તો એક મર્યાદિત સમય અને વિસ્તાર પૂરતા, કદાચ મરતા પાકને આછું પાતળું જીવનદાન આપવાના આશયથી. જે રીતે ધૂમધડાકા સાથે આખું આભ માથે કરીને ધરતીનો ધણી મેહુલો એની વાદળસેના સાથે તરસી ધરતીને તૃપ્ત કરવા ધસી આવે છે, એની પાછળ પાછળના વિજ્ઞાન કરતાં કવિઓએ કરેલી કલ્પનાઓ અને દંતકથાઓ જનસાધારણને વિશેષ શ્રદ્ધેય લાગતી રહી છે. ઈંદ્ર અને વરુણ જેવા દેવતાઓ ભલે કલ્પિત હશે, પરંતુ હજારો વર્ષોથી એ આપણી ચેતના સાથે ઓતપ્રોત થઈ ગયેલા છે. મેઘના પણ પ્રકારો છે. કુલ બાર બેઘ અને ઓગણ પચાસ પવનો મનાયા છે. કાલિદાસે તો એમના યક્ષની પ્રેયસીને અલકાપુરી સુધી સંદેશો મોકલવા માટે મેઘને જ દૂતકાર્ય સોંપ્યું છે! તો વળી ઈન્દ્રની પૂજાનો વિરોધ કરનારા ગોકુળવાસીઓ પર બારે મેઘ ખાંગા થઈને વરસ્યા ત્યારે ગોપનેતા કૃષ્ણે ટચલી આંગળીએ ગોવર્ધન ધારણ કરી વ્રજના ગોપસમુદાયનું અને ગૌસમુદાયનું સંરક્ષણ કર્યું છે! વહુ અને વરસાદને જશ નહીં, એ જાણીતી કહેવત મુજબ વરસાદ પણ સમયસર અને માફકસર આવે તો જ સારો લાગે. પેલો જાણીતો દૂહો યાદ આવે છે.

ખડ સૂક્યાં, ગોરસ વસૂક્યાં, વ્હાલાં ગયાં વિદેશ;
અવસર ચૂક્યો મેહુલા, અબ વરસી કાંઉ કરેશ?

પક્ષીઓ અને વનસ્પતિ વચ્ચે સંબંધ

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

પૃથ્વી પરથી જીવસૃષ્ટિને પ્રાણી અને વનસ્પતિ એમ બે પ્રકારની સૃષ્ટિમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. આ બંને પ્રકારની સૃષ્ટિના જીવો વચ્ચે આંતરસંબંધોને બે મુખ્ય પ્રકારમાં વહેંચવામાં આવે છે. જેમાં સહજીવન (Symbiosis) અને પ્રતિરોધ (Antagonism) સમાવેશ થાય છે. સહજીવન પ્રકારના સંબંધમાં બંને પક્ષે કે બેમાંથી એકને લાભ થાય છે. નુકશાન કોઈને થતું નથી. જયારે પ્રતિરોધ પ્રકારના સંબંધમાં બંને કે બેમાંથી એકને નુકશાન થાય છે. આવા આંતર સંબંધો વનસ્પતિ - વનસ્પતિને, વનસ્પતિ - પ્રાણી, કે પ્રાણી-પ્રાણી વચ્ચે હોય છે.

પક્ષીઓ અને વનસ્પતિ વચ્ચેનો સંબંધ મોટાભાગે સહજીવન પ્રકારનો વધુ હોય છે. જેમાં કોઈ પક્ષે નુકશાન થતું હોય તેવું જોવા મળતું નથી.

પરિસર તંત્રના સંદર્ભે વિચારીએ તો પક્ષીઓ અને વનસ્પતિઓની વાત કરીએ તો સ્થલીય પારિસ્થિતિકી તંત્રનું પ્રભુત્વ જોવા મળે. તૃણભૂમિ (ઘાસિયા મેદાનો), રણપ્રદેશ વનપ્રદેશ, હિમખંડના ભાગોમાં જોવા મળતી વનસ્પતિઓ ખાસ પ્રકારની હોય છે. તે જ પ્રમાણે અનુકૂલન સાધેલ હોય તે પ્રકારની પક્ષીઓની જાતિઓ જોવા મળે છે.

સામાન્ય રીતે ઘાસિયા મેદાનના પક્ષીઓ, વીડ-વગડાના પક્ષીઓ, સદાહરિત કે પાનખર વનોના પક્ષીઓ એમ વહેંચી શકાય છે. વનસ્પતિઓના પ્રકાર કે વનોના પ્રકાર આધારે ત્યાં કયાં - કયાં પક્ષીઓની જાતિઓ જોવા મળશે તે કહી શકાય. તેજ પ્રસ્થાપિત કરે છે કે વનસ્પતિ અને પક્ષીઓ વચ્ચે કેટલો ગાઢ સંબંધ હોય છે.

પક્ષીઓ માટે વનસ્પતિ પોષણ (ખોરાક), તથા આશ્રય અથવા આધાર આપે છે. વનસ્પતિ વગર પક્ષીઓનું જીવન અશક્ય તેમ કહી શકાય. ખોરાક આધારે પક્ષીઓનું વર્ગીકરણ કરાય છે. તેમાં પર્ણો ખાતા પક્ષીઓ જેવા કે હંસ, બતકો, કબૂતર, આડ, ઓસ્ટ્રીચ, ઈમુ જેવા પક્ષીઓ પર્ણોમાં રહેલો સેલ્યલોઝ પચાવવામાં મદદરુપ બને તેવા બેકટેરીયા તેમના પાચનતંત્રમાં ધરાવે છે. આવા પક્ષીઓ કાંકરા, કડક પદાર્થો ખાતાં હોય છે. જે પાચનતંત્રમાં સેલ્યુલોઝ પચાવવમાં મદદરુપ બને છે.

વનસ્પતિના બીજ પર નભતાં પક્ષીઓમાં તુતી, સુધરી, ચકલી અને ટપુસિયા જેવા નાના કદના પક્ષીઓ જોવા મળે છે. જેમની ચાંચ નાની અને જડબાના સ્નાયુઓ મજબૂત હોય છે. જે બીજ તોડવા માટે સક્ષમ હોય છે.

ફળ ખાતાં પક્ષીઓમાં ચિલોત્રા, કંસારા, સુહાગણ, કસ્તુરા, પીળક, લક્કડખોદ જેવા પક્ષીઓ હોય છે જે મોટા ભાગે પાનખર પછીની વસંત અને ગ્રીષ્મ ઋતુઓ દરમિયાન અછત જેવા સમયગાળામાં ખોરાક પુરો પાડે છે. ફુલોના મધુ રસ પર નભતાં પક્ષીઓમાં ફુત્કીઓ અને શક્કર ખોરા જેવા પક્ષીઓનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત વનસ્પતિના કંદ, ગાંઠો, પરાગરજ પણ પક્ષીઓને ખોરાક પુરો પાડે છે. પક્ષીઓ રાતવાસો અને દિવસ દરમિયાનનો આશરો વૃક્ષો પણ જ લે છે. વૃક્ષો પર તેમના માળા બાંધે છે આ માળા માટે ઘાસ, ડાળીઓ, તણખલાં વગેરે વનસ્પતિ જન્ય પદાર્થોનો ઉપયોગ કરે છે.

કીટકો ખાતા પક્ષીઓ વનસ્પતિને હાનિકારક કીટકોને ખાઈને તેમની વસ્તી પર નિયંત્રણ રાખે છે. લક્કડખોદ જેવા પક્ષીઓ મજબૂત ચાંચ અને લાંબી જીભની મદદથી વૃક્ષના થડમાં પડતાં કીડા ખાઈ જાય છે. શિકારી પક્ષીઓ વૃક્ષોને નુકશાન કરતાં, ઉંદર, થુસઉંદર, જેવા વનસ્પતિ તથા બીજને હાનિકારક નાના સસ્તનોનો શિકાર કરીને તેમની વસતી નિયંત્રણમાં રાખીને વનસ્પતિને મદદરુપ બને છે.

પ્રિયે... તારા પ્રત્યુત્તરની અપેક્ષા હું સદીઓ સુધી કરીશ...

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

પ્રિયે...!

આજથી આઠ હજાર વર્ષ પહેલાનાં ગોકુળના એક વૃક્ષની નમેલી ડાળ નીચે ઊગેલા ફૂણા એ તાજા છોડ ઉપરના ફૂલની આસપાસ ઊડતાં પતંગિયાની પાંખોમાં રંગ જેવી, ગુલાબના બગીચાઓ જેવા તારા દેહ ઉપર આખું અમાપ આભ વિંટાળીને પહેરેલા ડ્રેસની તારી ચૂંદડી જયારે જયારે હવામાં ફરફરે છે ત્યારે દ્વારિકાના દરિયા ઉપર ઊભેલી દીવાદાંડીમાં રાત્રે લાઈટ થાય તેમ મારી અંદરની દ્વારિકાના દરિયા કિનારે હજારો દીવાદાંડીમાં લાખો પ્રકાશના શેરડાઓ આમ તેમઆમ તેમ દોડવા લાગે છે અને પછી હું દરિયાની જેમ આખેઆખો હિલોળે ચડું છું.

પ્રિયે... મને તારું પહેલું દર્શન આજે પણ યાદ છે. જેની રીતે ઓરિસા અને તામિલનાડુના દરિયા કિનારે સુનામીની લહેરો આવીને સર્વનો વિનાશ વેરી ગયેલી એવી જ રીતે એક દિવસ અસંખ્ય દેહાત્માઓથી ભરેલી ભરચક બસમાં તું સુનામીની જેમ ચડી અને આખી બસના દેહાત્માઓ તારા તેજીલા થોખાર અને તમતમતા દેહસૌંદર્યની સુનામીમાં તણાઈ ગયેલાં. એ વખતે હું પણ તને જોઈને બેશુદ્ધ પહેલાં કંડકટરની સીટ પાછળ વિશુદ્ધ થઈને તારાં દેહસૌંદર્ય માટે વિશિષ્ટ ઉપમાઓ શોધી રહ્યો હતો. પણ તને જોયા પછી વ્યાકરણની ગતિ, નીતિ, નિયમો, છંદ, અલંકારો બધા જ ઠંડીમાં બાળક ધ્રૂજે એમ ધ્રૂજતા હતા. શુદ્ધ અને સાત્ત્વિક સૌંદર્યના ચાહક અલંકારો હંમેશા મારી કલમની નોક ઉપર રહેતા તે બધા જ એ દિવસે તમે જોઈને અવાચક, અબુધ, અજ્ઞાન અને અદૃશ્ય થઈ ગયેલા અને બિચાર માત્રિક કે શાબ્દિક છંદોનું શું ગજુ કે હાફુસ કેરીની કપાયેલી તાજી ચીર જેવા તારા હોઠોનું કે દેશી તરબૂચનાં ગર્ભ જેવા તારા ગાલોનું કે સ્વચ્છ સ્વીમીંગ પુલ જેવી તારી નિર્મળ આંખોનું વર્ણન જેવા તારા ગાલોનું કે સ્વચ્છ સ્વીમીંગ પુલ જેવી તારી નિર્મળ આંખોનું વર્ણન કરી શકે ! જે ભાષાનો સાથ મેં લગ્ન પછી પણ નથી છોડ્યો એ ભાષા પણ મને છોડીન જતી રહેલી. તને જોઈને પહેલાં તો મારી અંદર ગઝલ ઊંચી નીચી થયેલી અને રદીફ-કાફીયા સાથે એકાદ શેર પણ જન્મવાની તૈયરીમાં હતો, ત્યાં જ તોફાની બાળકોના ટોળા જેવું હવાનું એક ઝોકું બસની બારીમાંથી પ્રવેશીને તારા દુપટ્ટાને સહેજ ઉડાડી ગયું એન પછી તો મારી અંદર ઉછળથી ગઝલ, શેર, રફીદ, કાફિયા, છંદ, ભાવ-વિભાવ, આવિર્ભાવ બધું ક્યાં ગયુ એની કશી ખબર જ ન પડી. મેં બસમાં નજર ફેરવી તો બધા જ દેહાત્માઓ (પેસેન્જરો) બેશુદ્ધ થઈને પડ્યા હતા. કંડકટર પણ ટિકિટ ફાડવાનું ભૂલીને ફાટેલી આંખો વડે તને જોઈ રહ્યો હતો. થોડી થોડી વારે બસની બારીમાંથી સૂર્યનાં કિરણો પણ ફૂદી ફૂદીને તને સ્પર્શવાનો અથાક્ પરિશ્રમ કરતા હતા અને બસ બિચારી કોઈ ઘરડી સ્ત્રીને શરીરનાં રાંદલમા આવે અને ધૂણે તેમ ધૂણતી (ધ્રુજતી) હતી. આખેઆખી બસમાં એકમાત્ર ડ્રાઈવર જ જીવિત અવસ્થામાં હતો. મેં મનોમન ઈશ્વરને સાચા હૃદયથી એ વખતે પ્રાર્થના પણ કરેલી કે હે ઈશ્વર, આ બસના ડ્રાઈવર જેવા પામર જીવને બચાવી લેજે. એને પાછળ આ તરફ જોવા ન દેતો, નહિતર બસના પચાસ જેટલા દેહાત્માઓના પ્રાણની રક્ષા કરનાર એ દેહાત્માના પ્રાણની રક્ષા કોણ કરશે?

હે પ્રિયે, તું પૃથ્વી ઉપર સા માટે આવી છું? શું સ્વર્ગમાં દેવલોકમાં દેવત્વનો દુષ્કાળ પડ્યો છે? કે પછી ઈન્દ્રદેવે મારી સાહિત્યસેવાથી પ્રસન્ન થઈને તને પૃથ્વી પર ઉતારી છે? મને તો લાગે છે કે મારા સર્જનનું તું જ્ઞાનપીઠ કે નોબેલ પારિતોષિક છે. પ્રિયે ગઈ કાલે રાત્રે તું મને સ્વપ્નમાં આવેલી અને એ આખી રાત માત્ર એક જ ક્ષણમાં પસાર થઈ ગયેલી. સ્વપ્નમાં તેં મને ગુલાબનું એક ફૂલ આપેલું અને તારી સાથે સાથે હું પણ આખે આખો ગુલાબી થઈ ગયેલો. સવારમાં ઊઠીને જોયું તો મારો રુમ, મારું ઘર, વૃક્ષો, વાતાવરણ બધું જ ગુલાબી... હે પ્રિયે, એ બસમાંથી ઉતરતા થયેલો તારા કોમળ - મખમળી વાળનો સ્પર્શ હું હજીયે અનુભવી રહ્યો છું. તારા એ વાળની કાળાશનું સૌંદર્ય કેમ ભૂલાય? અમાસની રાતનું પણ અલગ સૌંદર્ય છે એ કાળી રાત-અંધકારમાં ચમકતા તારલાઓનું પણ સૌંદર્ય મને યાદ છે. મને થાય છે કે કયારે તારા એ મખમલી કાળા-કાળા સુંવાળા કેશ મારા ચહેરા પર પથરાવ અને હું... સાહિર લુધિયાનવીનું પ્રેમગીત ગાઉં... 'યે ગેસુઓકી ઘની છાંવ હેં મેરી ખાતિર... મેં જાનતા હું કે તું ગૈર હે મગર યૂં હી... કભી કભી કભી મેરે દિલમેં ખ્યાલ આતા હૈ...'

હે પ્રિયે... તું જયારે જયારે મારી સામે હસે છે ત્યારે ત્યારે મારી અંદર બરફનાં લાખો રસગુલ્લાંઓ ઓળખવા લાગે છે. વૈશાખી વાદળ જેવા શુદ્ધ શ્વેત તારા દાંત જોઈને સફેદ રંગ પણ બિચારો શરમાઈ જાય છે તો દાડમની કળીઓનું તો પૂછ્યું જ શું ? તારી તરફ તારા હસતા હોઠ જોઈને મને લાગે છે કે મારી આસપાસ હજારો લખો હાફુસ કેરીની પાકી અને તાજી ચીરના ટુકડાઓના ઢગ ખડકાયા છે અને ઉપર ગુલાબની પાંદડીઓનો રસ ઢોળવામાં આવ્યો છે. હે પ્રિયે... તું જયારે જયારે મારી સાથે વાત કરે છે ત્યારે ત્યારે મારી અંદરના આત્માનાં મંદિરની અંદરના આત્મામાં વેદોની ઋચાઓનું ગાન થાય છે. શિવતાંડવનો ગુંજારવ થાય છે અને સપ્તસૂરોની સૂરાવલિઓ ઝંકૃત થઈ ઊઠે છે. હે પ્રિયે... તું મને જયારે જયારે સ્પર્શ કરે છે ત્યારે ત્યારે... ઓહ... ઓહ... આ... હ... આખેઆખો સૂર્ય સાવ ઠંડો થઈ જાય છે, હવા થીજી જાય છે, આકાશ ઓગળી જાય છે, પ્રકૃતિ પુનર્જીવિત થઈ જાય છે, બ્રહ્માંડનો લઈ બદલાઈ જાય છે, આખી નિહારિકા અને મંદાકિનીમાં પરિવર્તનો શરુ થઈ જાય છે, એના અગ્નિગર્ભની જવાળાઓ શાંત થઈને સપ્તક સૂરમાં વહેતી થઈને એક નવાં બ્રહ્માંડની રચના કરે છે.

હે પ્રિયે ! મને ખૂબ જ ભાવતી બાસુંદી, રબડી અને દૂધપાકના મીઠા સ્વાદ જેવી તારી મીઠી નજરનું હજીયે નથી ભૂલ્યો. મારી બંસરીના બધા જ સૂર તને ઝંખે છે. તું આખી પ્રકૃતિને બદલી શકે છે તો મને કેમ નહીં?

હે પ્રિયે...! ચાલ, આપણે આ દેહત્વ, માનવત્વ અને સર્વત્વ ત્યજીને હવા અને વાયુ વિનાના, સ્થળ, જળ, જીવ વિનાના કોઈ અચોક્કસ ગર્ભના ઊંડાણમાં જઈને એકરુપ થઈને આપણું અસ્તિત્વ ઓગાળી નાખીએ...

પ્રિયે... તારા પ્રત્યુત્તરની અપેક્ષા હું સદીઓ સુધી કરીશ...

રેડિયોનું રજવાડું : ડાઉન છે પણ આઉટ નથી...!

રજળપાટ
અજય ઉપાધ્યાય

'નમસ્કાર, મૈ અમીન સયાની આપ કા બિનાકા ગીતમાલા મેં સ્વાગત કરતા હું' કે પછી 'આકાશવાણી નું આ અમદાવાદ — વડોદરા કેન્દ્ર છે, સમાચાર સવાઈલાલ અજમેરા વાંચી સંભળાવે છે' કે પછી 'દિલ્હી કે મનોહર લાલ કિલ્લા કે પ્રાંગણસે મૈ જસ્બીરસિંહ ભારતકી આઝાદીકે ઉત્સવ પ્રજાસત્તાક દિન કી સભી દેશવાસીઓ કો બધાઈયા દેતા હું' કે પછી સુશીલ દોશીના ઘૂંટાયેલા અવાજમાં 'શ્રીકાંત કે બલ્લે સે નિકલા યે શોટ ગલી કે ફિલ્ડરકે ઉપર સે બંદુક કી ગોલી કી તરહ નિકલા' ...કે પછી આકાશવાણી રાજકોટના કિસાનો માટેના કાર્યક્રમની શરૂઆતમાં બોલાતું..' એ રામ રામ ગીગાભાઈ, અમથાભાઈ, કાન્તીભાઈ, રણછોડભાઈ અને મારા વ્હાલા ખેડૂત મિત્રો...! ' આજે ગુડ મોર્નીંગ ના ચીલ્લાયેલા દેકારાઓથી શરુ થતા ખાનગી એફએમ ચેનલોના સો કોલ્ડ આરજે ઉર્ફે રેડિયો જોકીઓ ચાહે ગમે એટલું ચીબાવલું, ફન્ની કે આધુનિક કે ઝેન-નેક્સ્ટ ની ભાષામાં કાર્યક્રમનું સંચાલન કરે તો પણ આગળ લખ્યા એવા મસ્ત મજાના, મીઠા અને ખાસ તો સવારે સાંભળ્યું હોય તોયે છેક રાત સુધી જેના જહનમાં પડઘા પડ્યા કરે એવા રેડિયો ઉદઘોષકોની તોલે તો આવે જ નહિ...નહિ ને નહિ જ....!

રેડિયો આ નામ સાંભળતા જ યાદ આવી જાય એક આખોયે સમયપટલ કે જ્યારે રેડિયો એ રજવાડું ગણાતો. રેડિયો એટલે આકાશવાણી અને આકાશવાણી એટલે રેડિયો. બંનેની પરસ્પર ઓળખાણ એક જ. રેડિયો સાથે ભારતની એક આખીયે પેઢીના અનેકો સંસ્મરણો જોડાયેલા છે. આજે તો મોબાઈલમાં અને કારમાં પણ રેડિયો સમાઈ ગયો છે. એક જમાનામાં એક વ્યક્તિથી ઉપાડી પણ ના શકાય એવા વાલ્વવાળા હેવી રેડિયો આવ્યા પછી એમાંથી થોડા રૂપકડા ટ્રાન્ઝીસ્ટર આવ્યા અને ભલે આજે એક નાની સાદી ચીપમાં આ રેડિયો ટ્રાન્સફર થઇ ગયો હોય પણ ઈસકા ભી એક વક્ત થા...! વક્ત થા એટલા માટે લખવું પડે છે કે આજે આપણે એફએમ રેડિયોની જાહેરાતોની વચ્ચે વચ્ચે ગીતો અને આરજે ની મો માથા વગરની બકબક સાંભળવાના આદી થઇ ચુક્યા છીએ પણ રેડીયોના જમાનામાં તો અર્ધી કલાકના પ્રોગ્રામમાં મહત્તમ ગીતો વગાડવાની પરંપરા હતી અને આ લખનારને યાદ છે કે પ્રોગ્રામ પૂરો થવામાં થોડી સેકન્ડ બાકી હોય તો પણ ઘણીવાર તો અર્ધું તો અર્ધું પણ ગીત અચૂક વગાડાતું.

એની વેલ્ઝ...રેડિયોનો રોમાંચીત કરી મુકે એવો એક જમાનો હતો. કોઈના હાથમાં રેડિયો હોવો એ સ્ટેટ્સ સિમ્બોલ ગણાતું, ઘરે રેડિયો હોય એ લક્ઝરી ગણાતી. ગામમાં જેની પાસે રેડિયો હોય એ શ્રીમંત ગણાય, એનો ઠાઠમાઠ અનેરો રહેતો. વીજળી ના હોય એ ગામમાં બેટરીવાળા રેડિયો વસાવાતા. ઘરમાં રેડિયો ગોઠવ્યો હોય તો તેનું એરિયલ ઘરના છાપરાની ઉપર લગાવવું પડતું એવી રેડિયોની શરૂઆત હતી. સવારે બાજુના ઘરમાં રેડિયો પર વાગતા ભજનનું વોલ્યુમ વધારવાનું પાડોશીનું વિનંતીપત્ર આવતું. આજે ૩-૪ હજારના મોબાઈલમાં પણ સાવ ફ્રી ઓફ ચાર્જ એફએમ વાગતું થઇ ગયું છે પણ એક જમાનામાં રેડિયો સાંભળવા માટે પણ લાઈસન્સ લેવું પડતું અને એને પોસ્ટ ઓફિસમાં જઈને ફી ભરીને રીન્યુ કરાવવું પડતું ! એક જમાનામાં શ્રીમંતોનો પ્રતિક ગણાતો રેડિયો ધીમેધીમે આમ આદમીનું મનોરંજનનું અભિન્ન અંગ બની ગયેલો અને એમાયે આકાશવાણી ની વિવિધ મનોરંજક સેવાઓએ શ્રોતાઓને જલસો કરાવી દીધેલો. દરજીની દુકાનથી લઈને ગૃહિણીના કિચન સુધી, શાળામાં શિક્ષક પાસે મેચની કોમેન્ટ્રીથી લઈને ખેતરના શેઢે ભજન સાંભળતા ખેડુત સુધી આકાશવાણી પહોંચેલું હતું. બાળકોના કાર્યક્રમો, સમાચાર, ખેતી વિશેની માહિતી હોય કે બોલિવૂડના ગીતો, યુવાનો હોય કે વડીલો દરેક માટેના કાર્યક્રમો આકાશવાણી પ્રસારિત કરતું.

આજે તો એફએમવાળા જે સંભળાવે એ સાંભળવું પડે છે, મોટાભાગે તો એકને એક ગીતો આખો દિવસ વાગતા રહેતા હોય છે એવામાં આકાશવાણીમાં તમે ઈચ્છો એ ગીત કે કાર્યક્રમની ફરમાઈશ કરીને એને સાંભળવાનો આનંદ ઉઠાવી શકતા. ' ગીતમાલા' અને 'ફૌજી ભાઈઓકે લિયે' કે 'હવામહેલ' અને 'છાયાગીત' કે 'સંગીત સરિતા' અને 'સરગમ' જેવા ફરમાઈશી કાર્યક્રમો હજુ આજેય યાદ છે અને આ કાર્યક્રમોને સાંભળનારાઓને હજુયે યાદ હશે ઝુમરીતલૈયા શહેરનું અને રાજનંદ ગામનું. ઝુમરીતલૈયા અને રાજનંદ ગામ ઉપરાંત ભાટાપાર, ધમતરી, રાયબરેલી, ભોપાલ, જબલપુર જેવાં અનેક શહેરોના અનેકો શ્રોતાઓના નામ આ કાર્યક્રમોમાં રેગ્યુલર આવતું જેમકે શ્રોતા રામેશ્વર બર્ણવાલ અને નંદલાલ સિંહા. વિવિધ ભારતીના અનેક કાર્યક્રમો માટે ખૂબ મોટી સંખ્યામાં ઝુમરીતલૈયાથી પત્રો આવતા. રેડિયોનો એના શ્રોતાઓ સાથે આ ડાયરેક્ટ સમ્પર્ક હતો. જસદેવસિંહ અને મેલવીલ ડી.મેલોએ પ્રજાસત્તાક દિન અને સ્વાતંત્રતા દિને ભાવવાહી કાવ્યાત્મક ભાષામાં આપેલી કોમેન્ટરી આજેય કાનમાં ગુંજે છે તો સ્પોર્ટ્સ કોમેન્ટરી આપનાર ઉદ્ઘોષક તરીકે પિયરસન સુરિતા, સુરેશ સરૈયા, રવિ ચતુર્વેદી, આનંદરાવ અને બેરી સરબધિકારી પણ એટલા જ જાણીતા હતા. સુરજિત સેન, લોતિકા રત્નમ, દેવકીનંદન પાંડે અને વિનોદ કશ્યપ જેવા ન્યૂઝ રીડર્સે તેમના અવાજથી દેશને મંત્રમુગ્ધ કર્યો. હિન્દી સિવાય ગુજરાત પ્રસારણની વાત કરીએ તો રેણું યાજ્ઞિક દ્વારા રજુ થતો બાળકો માટેનો કાર્યક્રમ 'અડકો દડકો ', ખેડૂત મિત્રો માટે 'ગામ નો ચોરો, પ્રોઢાવસ્થા વટાવીને પાકટતાની વયે પગ મુકનારા મુરબ્બીઓ માટેનો કાર્યક્રમ' ઝાલરટાણું ', આકાશવાણી ભૂજ પર સૌપ્રથમ શરૂ થયેલો કાર્યક્રમ' ફોનઈન આપની પસંદ', જો કે આજે પણ એફએમ સ્ટેશનો પર અમુક સારા કાર્યક્રમો આવે છે પણ જેને કહેવાય ને કે વ્યવસાયીકપણું રેડિયાની અસલ મજા મારી નાખે છે.

આજે સેટેલાઈટ ચેનલોના આક્રમણમાં અને સવારના પહોરમાં જ ક્રમાં હમ્માંના હથોડા જીંકતી પ્રાઈવેટ એફએમ રેડીયોના દેકારામાં રેડીયોમાં આવતા નાટકો વિસરાય ગયા છે કે પછી અનેક ધાર્મિક ચેનલોમાં પ્રવચનો અને જાતજાતના દેવીદેવતાઓની લાઈવ આરતી જોતી વખતે સવારના પહોરમાં 'સંતવાણી' મા દિવાળીબેન કે પ્રાણલાલ વ્યાસ કે હેમુ ગઢવીના સાંભળેલા ભજનો ઘણાને યાદ આવતા હશે. ટુંટુંટું.... ના અવાજ બાદ વાગતી આકાશવાણીની ઓપનિંગ મ્યુઝિક ટ્રેક હજુ આજેય કાનમાં સંભળાય છે. આકાશવાણીની સવારની શરૂઆત વર્ષોથી હંમેશાં આ એક વિશિષ્ટ સંકેતધૂનથી થાય છે, જે હજી આજે પણ નિયમિત રીતે સવારના સાંભળવા મળે છે. આ સંકેતધૂન(સિગ્નેચર ટ્યૂન)ના સ્વરકાર કોઈ ભારતીય નહીં, પણ વિદેશી છે. જર્મન છે. તે નામ વૉલ્ટર કોફમૅન અને આ ધૂન સ્વરબદ્ધ થઈ તેમાં ફ